RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO On 5th every month under postal Regd. No. GAMC 1375 2012-14 issued by SSP Ahmedabad-9 Valid upto 31-12-2014

# વિશ્વવિહાર

વર્ષ : 14 ■ અંક : 4 ■ જાન્યુઆરી 2012 ■ કિં. રૂ. 5



















# વિશ્વકોશ અને વિશ્વસંસ્કૃતિ

આજે વિશ્વકોશનો સ્થાપનાદિન છે તેને સ્થાપનાદિન ન કહેતા જ્ઞાન-પ્રકાશ દિન કહીએ. અહીં જ્ઞાન તો છે જ અને વિશ્વકોશ ગાનમાં ગાયું તેમ 'ગુર્જરી વિશ્વરૂપને વરે.' આમાં કેટલી મોટી સંકલ્પના રહેલી છે ! ગુર્જરી છે, ગુજરાત છે, ગુજરાતના લોકો છીએ અને આપણી ગુજરાતી ભાષા છે. એ વિશ્વરૂપને વરે. એ ભારતીય નહીં, એશિયાઈ નહીં પણ સમગ્ર વિશ્વ રૂપને વરે. એની સાથે એકતારો જમાવવાનો છે.

વિશ્વકોશ અને વિશ્વસંસ્કૃતિના નામે બે બાબત કરવાની છે. પહેલાનું જે છે તેમાં જે મોતી પડેલાં છે તે ભૂલવાનાં નથી, સાચવવાનાં છે અને નવું છે તે શું છે તેને જાણતા રહેવાનું છે, પામતા રહેવાનું છે, શીખતા રહેવાનું છે. આ બંનેનો સમન્વય સાધવાનો છે. મારી દૃષ્ટિએ આ વિશ્વકોશ એ આ રીતે સમન્વયની પ્રક્રિયા છે. વિશ્વકોશના બે વિભાગો છે. વિશ્વકોશ એ પ્રોડક્ટ છે. તેમજ વિશ્વકોશ એ પ્રોસેસ છે. એવી પ્રોસેસ કે ધીમે ધીમે આખી વિશ્વસસંકૃતિ કેમ આંબીએ, કેવી રીતે પકડીએ અને એને માટે એક કુંભની અંદર વિશ્વસંસ્કૃતિને મૂકી દઈએ. એ કુંભના ૨૫ જુદા જુદા પાસાંઓ હોય આમ ૨૫ પાસાંવાળો વિશ્વજ્ઞાનનો જે ભંડાર એ આપણા ગુજરાતનો ગુજરાતી વિશ્વકોશ છે.

આવી સુંદર રચનાના રચયિતાઓ અહીં બેઠા છે. આજે ૨૬ વર્ષને અંતે આપણે શું કરીએ છીએ એ તો જાણીએ છીએ, પણ પહેલે દિવસે શું થયું હશે ? જેમ જેમ ચૂલાની ઈંટો ઉખડતી ગઈ તેમ તેમ અહીં જ્ઞાનનો આવિર્ભાવ થતો ગયો, જ્ઞાનનો વિકાસ થતો ગયો. એ જ્ઞાનનાં પાનાં રચાતાં ગયાં. એ રીતે આજે એક નવી જાતની સંસ્કૃતિ અને એ સંસ્કૃતિમાં જે યોગદાન છે તે જોઈ રહ્યા છીએ.

૨૬ વર્ષના પરિપાકરૂપે આંતરિક આનંદની અનુભૂતિ થઈ રહી છે તેવી મને પ્રતીતિ થાય છે. તેથી એને આનંદ દિન-પરમાનંદ દિન-તરીકે આપણે આજે જોવો જોઈએ એ રીતે એને ઉજવવો જોઈએ.

અહીં વિશ્વકોશના પચીસ ગ્રંથો થયા. તેના પુનઃ પુનઃ આવર્તનનું કાર્ય થઈ રહ્યું છે બાળવિશ્વકોશ અને એની સાથે સાથે કેટલાંય પુસ્તકો પ્રકાશિત થાય છે જે વિશ્વજ્ઞાનની વ્યાપ્તિમાં આપણને મદદરૂપ થાય છે. 'ગાંધીચરિત' મને બહુ કામમાં આવે છે. ૨૦૦૬માં યુનાઇટેડ નેશન્સમાં એક મોટો નિર્ણય લેવાનો હતો તેની કમિટીનો હું સભ્ય હતો. મહાત્મા ગાંધી હવે વિશ્વવ્યાપી નેતૃત્વવાળા વ્યક્તિ છે, વિશ્વમાનવી છે ત્યારે આ કમિટીમાં કહેવામાં આવ્યું કે વિશ્વસંસ્કૃતિનો આ અદનો આદમી ૨૦-૨૧ વર્ષ દક્ષિણ આફ્રિકામાં કામ કરીને હિંદુસ્તાન આવ્યો. નવો શબ્દ 'સત્યાગ્રહ' લઈ આવ્યો અને સત્યાગ્રહ કેવી રીતે થાય તે



બતાવ્યું. જે વ્યક્તિએ એમને જેલમાં પૂર્યા તેને માટે એમણે ચંપલ બનાવ્યા અને ૧૯૧૫ની ૯મી જાન્યુઆરીએ અહીં આવ્યા ત્યારે એ ચંપલ જનરલ સ્મટ્સને ભેટ આપ્યા. જનરલ સ્મટ્સે ૨૫ વર્ષ સુધી ચંપલ વાપર્યા. પરંતુ ૧૯૩૯માં એમને થયું કે પોતે જેને જેલમાં પૂર્યા હતા તે ગાંધી એવો વિશ્વમાનવી બની ગયો છે કે તેણે સીવેલા ચંપલ પહેરવા હું યોગ્ય રહ્યો નથી. એટલે જન. સ્મટ્સે સંસ્કૃતિ માટેની સંસ્થાને એ ચંપલ ભેટ આપી દીધા. ૧૯૪૨માં ૮મી ઑગસ્ટે ગાંધીજીએ 'ભારત છોડો' આંદોલન શરૂ કર્યું ત્યારે ચર્ચિલે જન. સ્મટ્સને જમવા બોલાવ્યા અને પૂછ્યું, 'આ હાફ નેકેડ ફકીર (ગાંધી) કેવી રીતે કાબૂમાં આવશે ?'

ત્યારે જન. સ્મટ્સે ચર્ચિલને જવાબ આપ્યો, 'મિ. પ્રાઇમ મિનિસ્ટર, તમે બહુ મોટાં કામ કરી રહ્યા છો. અત્યારે યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં તમે સફળ થઈ રહ્યા છો, પણ તમે ગાંધીજીની સામે જીતી શકશો નહીં.'

ચર્ચિલને થયું કે હું બ્રિટિશ સામ્રાજ્યનો પ્રાઇમ મિનિસ્ટર છું. એને ઘડીકમાં ડામી દઉં એવી મારામાં શક્તિ છે.

જન. સ્મટ્સે કહ્યું, 'તમે નહીં જીતી શકો.'

'કારણ ?'

'કારણ એટલું જ કે Gandhi is a man of God. We are very ordinary people. તેની પાસે જે શક્તિ છે તે બ્રિટિશ સલ્તનત પાસે કદી નહીં આવે.'

અંતે ચર્ચિલ હાર્યા. ચર્ચિલ કે સ્મટ્સ ગાંધી પાસે કેમ વામણા લાગ્યા ? ૨૦૦૬માં યુનાઇટેડ નેશન્સમાં આ વાત મૂકી. ગાંધીજી પાસે જે શસ્ત્ર હતું તે વિશ્વની સામે, વિશ્વની એક નવી સંસ્કૃતિ પાસે મૂકીએ તો જ આ વિશ્વમાનવીને આપણે ન્યાય આપી શકીએ અને આ કમિટીમાં નિર્ણય લેવાયો કે ગાંધીના જન્મદિન બીજી ઑક્ટોબરને આંતરરાષ્ટ્રીય અહિંસા દિન (International Day of Non-violence) તરીકે ઉજવવાનું આ દુનિયાને કહીએ. ૨૦૦૭ની ૧૫મી જૂને ૧૯૪ મેમ્બરની હાજરીમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો અને તે પ્રસ્તાવ સર્વાનુમતે પાસ થયો. ઈ. સ. ૨૦૦૭થી ગાંધીજીનો જન્મદિવસ આંતરરાષ્ટ્રીય અહિંસા દિન તરીકે ઉજવીએ છીએ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના દિનને ૨૦૧૦થી વિશ્વસંસ્કૃતિ દિન તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે તે એક મહાન પરિકલ્પના છે.

વિશ્વકોશ એ આપણને વિશ્વદર્શન કરાવતું સાધન છે એ જ્ઞાનસાધન છે, માહિતીસાધન છે, માહિતીમાંથી જ્ઞાન બને છે. જ્ઞાનમાંથી સમજ ઉત્પન્ન થાય છે. સમજમાંથી ઉપયોજન આવે છે. ઉપયોજનમાંથી વિશ્લેષણ થાય છે. વિશ્લેષણમાંથી સંશ્લેષણ થાય છે અને તેમાંથી સર્જન થાય છે. આવી શ્રેણીઓ જરૂર છે, પરંતુ એ બધું કરતાં કરતાં ખરેખર વિશ્વકોશનો

જે સાચો ઉપયોગ કરી શકે છે તેને વિશ્વનું દર્શન થાય છે. એટલે આ વિશ્વકોશ એ વિશ્વજ્ઞાનકોશ છે, વિશ્વદર્શનકોશ છે અને વિશ્વદર્શન કોશમાં વિશ્વ શબ્દ સૌથી અગત્યનો છે.

વિશ્વના ત્રણ જુદા જુદા અર્થ છે. એક, વિશ્વ એટલે પૃથ્વી (world). વિશ્વ વિશેનું જ્ઞાન વિશ્વકોશમાં આવે છે. કેટલાક વિશ્વકોશ એવા છે જે માત્ર પૃથ્વી પર થતા જે અનુભવો છે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેના પૂરતા સીમિત છે, પૃથ્વીની બહાર નથી જઈ શકતા.

વિશ્વનો બીજો અર્થ છે યુનિવર્સ. પૃથ્વીને એક ગ્રહ ગણીને બીજા ગ્રહો જેમાં તારા, નક્ષત્રો, રાશિઓ, આકાશગંગા, નિહારિકા વગેરે આવે છે. આ વિશ્વકોશ સર્વસમાહિત કોશ છે, એકાંગી કોશ નથી.

વિશ્વનો ત્રીજો અર્થ છે બ્રહ્માંડ. એ આપણને આપણી સંસ્કૃતિ તરફ લઈ જાય છે. મોટા સંશોધકો કહે છે કે આપણે જેને યુનિવર્સ કહીએ છીએ તેવા બેથી ત્રણ અબજ આવા યુનિવર્સિસ છે. તેના માટે પરાપૂર્વથી આપણી સંસ્કૃતિમાં જે શબ્દની રચના થઈ છે તે છે બ્રહ્માંડ.

આપણે બ્રહ્માંડથી પણ આગળ ગયા છીએ. મહર્ષિ વેદવ્યાસે બ્રહ્મસૂત્રની રચના કરી તેમાં ૫૫૦ સૂત્રો છે. તેનું પહેલું સૂત્ર બ્રહ્માંડથી પણ આપણને આગળ લઈ જાય છે. 'अथातो ब्रह्मजिज्ञासा ।'

વિશ્વ સંસ્કૃતિને સાચી રીતે જાણીએ ત્યારે જે જુદા જુદા વિભાગો છે, જુદા જુદા વિષયો છે. એ બધા વિષયોમાંથી એકત્વ ઉત્પન્ન થાય છે. આ એકત્વનું દર્શન કરવું તે આ વિશ્વકોશનો એક ઉદ્દેશ છે. જે માણસ totalityને જોઈ શકે તે માણસ ખરેખર કેળવાયેલો છે, આગળ વધેલો છે. એ માનવમાંથી મહામાનવ બનેલો છે. આ अथातो ब्रह्मजिज्ञासाની સંકલ્પના છે અને વિશ્વકોશ એનું દર્શન કરાવે છે.

યુનેસ્કોમાં વીસ વર્ષ પહેલાં અમે એક વાર વિચાર્યું કે વિશ્વકોશ કેટલા બનેલા છે ? ત્યારે જુદા જુદા દેશના છ હજાર વિશ્વકોશોને ગણાવ્યા હતા. 'વિશ્વકોશવિમર્શ' પુસ્તકમાં સાતસો-આઠસોની યાદી આપવામાં આવી છે. વિશ્વકોશો બે જાતના છે : ૧. સર્વસમાહિત અને ૨. એકાંગી. એકાંગી વિશ્વકોશ એક વિષયને લઈને બને છે. હવે તો ઉપવિષયના વિશ્વકોશ થવા માંડ્યા છે. શિક્ષણને લગતા લગભગ ડઝન વિશ્વકોશ છે; પરંતુ હવે તો encyclopaedia of teaching social sciences જેવા વિશ્વકોશ મળે છે.

વિશ્વકોશ અને વિશ્વસંસ્કૃતિ એક સિક્કાની બે બાજુ છે. બ્રહ્મ છે કે નહીં તેની ખબર નથી; પરંતુ એક વાત નિશ્ચિત છે અને તે છે કૃતિ. કર્તા છે કે નહીં તેની ખબર નથી, પણ કૃતિ છે એ આપણે સહુ જોઈ રહ્યા છીએ. પૃથ્વી પણ એક કૃતિ છે. ભારત, બિલ્ડિંગ,



તમે અને હું પણ કૃતિ છીએ. કૃતિ શબ્દ અગત્યનો છે. કૃતિની અંદર પ્રકૃતિ (nature) છે. પ્રકૃતિના એક ભાગ તરીકે છે મનુજ કૃતિ. તમે અને હું મનુજ કૃતિ છીએ. મનુજ કૃતિમાં કેટલીક શક્તિઓ છે, આવડત છે, કુનેહ છે. કુદરતે તેને કેટલીક બાબતો આપેલી છે. શીખવું એટલે learning અને શીખવાની મૂળભૂત શક્તિ છે તે learnability. જે આપણા દરેકમાં છે. એ learnabilityને sharpen કરી શકો છે. વ્યવસ્થિત કરી શકો છો. તેમાં માણસે ક્યાંથી શીખવાનું છે ? તેનાં sources કયાં છે ? એનો ઉપયોગ કેવી રીતે કરવો ? અને આ શીખવા માટેનાં sources જોઈએ છે. આ જે સોર્સીસ છે તેમાંનો એક બહુ મોટો સોર્સ તેને આપણે વિશ્વકોશ (encyclopedia) કહીએ છીએ. મુખ્ય વાત છે કૃતિ, પ્રકૃતિ અને મનુજ કૃતિ. મનુજ કૃતિમાં વિશિષ્ટ શક્તિઓ છે અને તે વિશિષ્ટ શક્તિને લીધે એનો વિકાસ થાય છે. પરિણામે માણસોએ પરાપૂર્વથી જે જ્ઞાન વગેરેનો વિકાસ કર્યો છે તેનું નામ છે સંસ્કૃતિ. આ connectionને સમજીએ તો આજનો આપણો જ્ઞાન-પ્રકાશ દિન કે આનંદ દિન છે તે સફળ થયો કહેવાય. કૃતિ, પ્રકૃતિ, મનુજ કૃતિ અને સંસ્કૃતિ. આ સંસ્કૃતિ છે તેમાંથી સંસ્કાર ઉત્પન્ન થાય છે અને સંસ્કારમાંથી વિકાસ થાય છે. આ એક આખી શ્રેણી છે, પણ મનુજ કૃતિ છે એનામાં જેવી સંસ્કૃતિ ઘડવાની તાકાત છે તેવી જ નકારાત્મક તાકાત છે તેનું નામ છે વિકૃતિ. સંસ્કૃતિ અને વિકૃતિ બંને વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરે છે તેનું નામ છે conflict of cultures, conflict of civilisations.

કેમ એવું થાય છે ? મનુજ કૃતિમાંથી સંસ્કૃતિ તો ઉત્પન્ન થઈ પણ એ સંસ્કૃતિમાંથી વિકાસ થવાને બદલે કેટલાક સંજોગોમાં વિકાર ઉત્પન્ન થાય છે. આ વિકાર જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે સંસ્કૃતિ + વિકાર એટલે વિકૃતિ થાય. અને વિકૃતિ જ્યારે પરિપક્વ થાય છે ત્યારે એમાંથી વિનાશ ઉત્પન્ન થાય છે અને એટલા માટે વિશ્વકોશની, વિશ્વજ્ઞાનકોશની, વિશ્વદર્શનકોશની આવશ્યક્તા રહેલી છે, આપણે વિકારને દૂર રાખીએ, વિનાશથી દૂર રહીએ અને વધુ ને વધુ વિકાસ તરફ જઈએ એવા સંસ્કારી બની શકીએ. સંસ્કારી બનવા માટે એ સંસ્કૃતિની જરૂર પડે. એ સંસ્કૃતિ એ વિશ્વસંસ્કૃતિ છે. એ ભારતની સંસ્કૃતિ પણ બને છે. ગુજરાતની સંસ્કૃતિ પણ બને છે અને ખરેખર તો પ્રત્યેક વ્યક્તિ પોતપોતાની સંસ્કૃતિ લઈને ચાલે છે.

મનુજ કૃતિનો મુખ્ય આધાર જ્ઞાન છે. જ્ઞાનનો ઉપયોગ હકારાત્મક થાય છે કે નકારાત્મક એ સમજવામાં આપણે સંસ્કૃતિ વિરુદ્ધ વિકૃતિને ધ્યાનમાં લેવાની છે. વિશ્વમાં અનેક જુદા વિષયો ઊભા થયા છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વિકાસ થતો જાય છે. એ બધાના પરિપાકરૂપે આજે ૨૧મી સદીમાં જ્યારે વિશ્વકોશની આવશ્યકતા ઊભી થઈ છે. જ્યારે વિશ્વકોશના નવાં સંસ્કરણ થાય છે, વિશ્વકોશમાં જે વિદ્યા છે એ વિદ્યાનો વ્યાપ થઈ રહ્યો

છે ત્યારે નવો શબ્દ ઊભો થયો છે. તેનું નામ છે emergence of knowledge society. એની સાથે વૈશ્વિકીકરણ ભળ્યું છે. દુનિયાના ૧૦૦–૧૨૫ દેશમાં મેં જે અનુભવ્યું તે એક ગુજરાતી તરીકે અને વૈશ્વિક નાગરિક તરીકે મેં જોયું કે અત્યારે નૉલેજ જોબ આવી ગયા છે, નૉલેજ ઇકૉનૉમી ઊભી થઈ છે, નૉલેજ સર્વિસિસ ઊભી થઈ છે અને નૉલેજ કમિશન થઈ ગયું છે. કેમ કે આખો સમાજ જ્ઞાનાધિષ્ઠિત સમાજ બનવા મંડ્યો છે. જ્ઞાન અગત્યની વસ્તુ બની છે. આ જ્ઞાનને આપણી પરંપરામાં બહુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'બૃહદકારણ્ય ઉપનિષદ'માં એની આખી શ્રેણી આપવામાં આવી છે. અજ્ઞાનમ્, જ્ઞાનમ્, સંજ્ઞાનમ્, વિજ્ઞાનમ્ અને પ્રજ્ઞાનમ્.

એના અનુસંધાનમાં મારે કહેવું છે કે દુનિયાભરમાં ફર્યા પછી એ કહેતાં મને જરાય સંકોચ થતો નથી કે For the world as a whole there is a em. of k. society, but so far as India is concerned there is re-emegence of knowledge society. નૉલેજ સોસાયટીના ભાગ તરીકે આપણી પાસે હંમેશાં વિશ્વકોશ હતા. વેદો, ઉપનિષદો એ વિશ્વકોશ છે.

અથર્વવેદ એ એક વિશ્વકોશ જેવો છે. એના ૬૦૦૦ મંત્રોમાં માનવસંસ્કૃતિ છે. એ સંસ્કૃતિને વ્યવસ્થિત રીતે ગોઠવેલી છે. અગ્નિપુરાણમાં તો કેટલાય વિષયો આપેલા છે. તેમાં વૈદિક અને ઉપનિષદિક સંસ્કૃતિ જ્યારે ખૂબ વિકસી તેને હું first cycle of emergence of knowledge society કહું છું. આ પ્રકારનું સાહિત્ય વિશ્વભરમાં ક્યાંય નથી એની હું મારા અનુભવે ખાતરી આપું છું.

બીજી સાઈકલ તે આપણે ત્યાં ઇતિહાસયુગ આવ્યો તે હતી. મહાકાવ્યોનો યુગ આવ્યો. તેમાં રામાયણના ૨૪૦૦૦ મંત્રો અને મહાભારતના એક લાખ શ્લોકો. શ્રીમદ્ ભાગવતપુરાણ. મહાભારતમાં બધા વિષયોને ગૂંથી લેવામાં આવ્યા છે.

ત્રીજી સાઈકલ બુદ્ધ અને મહાવીર સ્વામીના યુગ દરમિયાન આવી. જેમાં સુધારા આવ્યા.

ચોથી સાઈકલ આવી તે છે આચાર્યયુગની સાઈકલ. ૫૦૦ વર્ષના યુગનું નામ જ આચાર્ય યુગ છે. શંકરાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય. એ બધાને આચાર્યનું પદ આપેલું.

અને આજની જે સાઈકલ છે તે ભારત માટે પાંચમી સાઈકલ છે. આ છે re-emergence of knowledge society. પ્રશ્ન એ છે કે એક બાજુ આટલી મોટી વિશાળ કલ્ચરલ કન્ટીન્યૂટી છે. તેને મોડર્નાઇઝેશન સાથે સમન્વિત કેમ કરવી એ આધુનિક નૉલેજ સોસાયટીની ચેલેન્જ છે. એ ચેલેન્જ વિશ્વકોશે લીધી છે અને વિશ્વકોશ એમાં સોએ સો ટકા સફળ થયું છે.

**– રવીન્દ્ર દવે** *(વિશ્વકોશ સ્થાપના દિન નિમિત્તે આપેલું વક્તવ્ય)*





# સિદ્ધાંતમાં આકર્ષક, વ્યવહારમાં અમલ મુશ્કેલ

વ્યાપક ચૂંટણીસુધારના ભાગ રૂપે મતદારોનો 'બધા જ ઉમેદવારોને નાપસંદ કરવાનો અધિકાર' (રાઇટ ટુ રિજેક્ટ) અને 'ચૂંટાયેલ પ્રતિનિધિઓને પરત બોલાવવાનો અધિકાર' (રાઈટ ટુ રિકૉલ), આ બે અધિકારોની આજકાલ ચર્ચા ચાલી રહી છે. સર્વગ્રાહી ચૂંટણી-સુધારાની ચર્ચામાં આ અધિકારોની ચર્ચા અસ્થાને નથી.

પ્રથમ, ચોક્કસ મતવિભાગમાં ઊભા રહેલા બધા જ ઉમેદવારોને નાપસંદ કરવાનો મતદારોનો અધિકાર. આ અધિકાર અત્યારે પણ મતદારોને છે. તે માટે મતદારોએ એક ફૉર્મ ભરવાનું હોય છે અને તેમાં બધા ઉમેદવારોને પોતે નાપસંદ કરે છે, તે દર્શાવવાનું છે અને સંમતિસૂચક સહી કરવાની હોય છે. આ ફૉર્મ ચૂંટણી-અધિકારી કવરમાં મૂકી બંધ કરી દે છે. પણ એમાં મતદાનની ગુપ્તતા જળવાતી નથી. અમુક મતદારે 'રાઇટ ટુ રિજેક્ટ'નો ઉપયોગ કર્યો છે, તે સ્પષ્ટ થાય છે. એને બદલે 'ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન'માં છેલ્લું ખાનું અને તેની સામે બટન રાખવામાં આવે તો મતદારનો નાપસંદગીનો મત નોંધાય અને તે ગુપ્ત પણ રહે.

પણ એમાંથી બીજા કેટલાક પ્રશ્નો ઊભા થાય, તેનું નિવારણ કેવી રીતે કરવું એ વિચારવાનો મુદ્દો બને છે. દાખલા તરીકે, અમુક મતવિભાગમાં ૫૦ ટકા કરતાં વધુ મત 'બધા ઉમેદવારોને નાપસંદ કરવાની તરફેણમાં' પડ્યા તો ત્યાં ફેરચૂંટણી યોજવી પડે, એ ઇલેક્ટ્રિક વૉટિંગ મશીનની સગવડ હોવાથી તે મુશ્કેલ નથી. જે ઉમેદવારોને મતદારોએ નાપસંદ કર્યા, તે ફરીથી તે મતવિભાગમાં ચૂંટણી લડી શકે નહિ, એવી જોગવાઈ પણ તાર્કિક છે. પણ ત્યારપછીની ચૂંટણીમાં તે ઉમેદવાર પૈકી કોઈ ફરીથી ચૂંટણી લડી શકે કે કેમ, અથવા એવા ઉમેદવારો બાજુના મતવિભાગોમાંથી ચૂંટણી લડી શકે કે કેમ, એ પ્રશ્નો પણ વિચારવા પડે. એક મતવિભાગના મતદારોએ નાપસંદ કર્યા હોય એવા ઉમેદવારને બીજા મતવિભાગના મતદારો પસંદ કરે પણ ખરા. આપણે ત્યાં ઉમેદવાર કોઈ પણ મતવિભાગમાંથી ઉમેદવારી કરી શકે છે, તો ફરીથી ચૂંટણીમાં ઉમેદવારી કરવાના તેના અધિકાર પર અંકુશ કેવી રીતે મૂકી શકાય ? ટૂંકમાં આ અધિકારનો અમલ કરતાં પહેલાં આ મુદ્દાઓનો સ્વસ્થ ચિત્તે વિચાર કરવાની જરૂર છે.

હવે 'રાઇટ ટુ રિકૉલ'ની વાત.

આધુનિક લોકશાહીઓ પ્રાતિનિધિક લોકશાહીઓ છે. તેમાં મતદારોને પોતાના પ્રતિનિધિઓને ચૂંટવાનો અધિકાર છે. પણ તેમને દૂર કરવાનો કે પરત બોલાવવાનો અધિકાર નથી. અણગમતા પ્રતિનિધિને પાંચ વર્ષ (આગામી ચૂંટણી સુધી) સુધી નિભાવી લેવો પડે છે. આ ઊણપ દૂર કરવા માટે 'રાઇટ ટુ રિકૉલ'ની ભલામણ કરવામાં આવે

છે. અમેરિકાનાં કેટલાંક રાજ્યોમાં આવા અધિકારની જોગવાઈ છે, પણ મોટા ભાગના લોકશાહી દેશોમાં આવી જોગવાઈ નથી.

સિદ્ધાંતમાં આકર્ષક લાગતા આ વિચાર સામે કેટલાક વ્યવહારુ પ્રશ્નો છે. એક તો, આપણા જેવા દેશમાં વિધાનસભા અને લોકસભા મતવિભાગો વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ એટલા મોટા છે કે ત્યાં એનો અમલ શક્ય નથી. બીજું, પ્રાતિનિધિક લોકશાહી રાજકીય પક્ષો દ્વારા સંચાલિત લોકશાહી છે. જ્યારે આપણે મત આપીએ છીએ ત્યારે ઘણુંખરું તે કયા પક્ષનો છે તેને ધ્યાનમાં રાખીને મત આપીએ છીએ. ક્યારેક તો આપણે ઉમેદવારને બરાબર જાણતા પણ હોતા નથી. પક્ષીય ધોરણે લડાતી ચૂંટણીમાં ઉમેદવારની વૈયક્તિક લાયકાત કે ગુણદોષને ધ્યાનમાં રાખીને નહીં પણ તેના પક્ષને ધ્યાનમાં રાખીને મત આપીએ છીએ. ત્રીજું, પક્ષની ટિકિટ પર ચૂંટાઈ આવેલા પ્રતિનિધિને પક્ષની 'શિસ્ત'માં રહેવું પડે છે, પક્ષના 'આદેશ' અનુસાર વર્તવું પડે છે.

ઉપરાંત, આપણો મતદારસમૂહ વિવિધ જ્ઞાતિ-જાતિ, ધર્મ-સંપ્રદાય, ભાષા-વંશીયતા જેવા ભાગોમાં વહેંચાયેલો છે. જે તે મતવિભાગમાં 'જેને સૌથી વધારે મત મળે તે ચૂંટાય' ('ફર્સ્ટ પાસ્ટ ધ પોસ્ટ') પદ્ધતિથી ચૂંટણીઓ યોજાય છે. તેને બહુમતી મત મળ્યા ન હોય પણ સૌથી વધારે મત મળ્યા હોવાથી ચૂંટાય છે. હવે જો 'રાઇટ ટુ રિકૉલ'નો સ્વીકાર કરવામાં આવે તો ચોક્કસ જ્ઞાતિઓ કે સંપ્રદાયના મતદારો સંગઠિત થઈને ન ગમતી જ્ઞાતિ કે સંપ્રદાયના પ્રતિનિધિને આ અધિકાર દ્વારા પરત બોલાવી શકે. ક્યારેક એવું પણ બને કે જે મતદારોએ તે ઉમેદવારને મત આપ્યો જ નથી, તેઓ સંગઠિત થઈને તેને પરત બોલાવી શકે.

ઉપરાંત, પક્ષપલ્ટાવિરોધી કાનૂન હેઠળ ચૂંટાયેલ પ્રતિનિધિને પક્ષે આપેલ 'મેન્ડેટ' મુજબ મતદાન કરવું પડે છે. જો એમ ન કરે તો તેને સભ્યપદ ગુમાવવું પડે છે. એક બાજુ 'રાઇટ ટુ રિકૉલ'નો ડર તો બીજી બાજુ સભ્યપદ ગુમાવવાની લટકતી તલવાર : આ સંજોગોમાં પ્રતિનિધિની સ્થિતિ કફોડી બને છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આ અધિકારનો અમલ થઈ શકે, જો તે સંબંધી કાયદાઓમાં તેની જોગવાઈ કરવામાં આવી હોય તો. હાલ મધ્યપ્રદેશ, છતીસગઢ અને બિહારમાં, કેટલીક શરતોને અધીન શહેરી અને ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં તેનો અમલ કરવામાં આવ્યો છે. પણ વિધાનસભા અને લોકસભાના સ્તરે આ અધિકારનો અમલ કરવો મુશ્કેલ છે.

ઉપરોક્ત બંને અધિકારો પાછળનો વિચાર આકર્ષક છે, પણ વ્યવહારમાં અમલમાં મૂકવો મુશ્કેલ છે. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું છે કે 'રાઇટ ટુ રિકૉલ'નો અમલ ભારત જેવા દેશમાં શક્ય નથી.

**– દિનેશ શુક્લ**





# રાત્રે સૂર્યની ઊર્જા : 'ગૅમા-સોલર'

સૂર્યપ્રકાશને રાત્રે પણ વિદ્યુત્ઊર્જામાં 'થર્મોસોલ્ટ પ્લાન્ટ'માં રૂપાંતરિત કરી શકાય છે. સ્પેનમાં સેવિલ્લે નજીક 'ફુએન્ટેસ દ એન્ડાલુસિયા'(Fuentes de Andalucia)માં 'ગૅમા-સોલર' પહેલો વ્યાપારી ધોરણે કામ કરતો પ્લાન્ટ છે. જેમાં એક નવીન બૅટરીનો ઉપયોગ થયો છે. તેમાં પીગળેલા લવણ તરીકે ઊર્જા સંગૃહીત કરવામાં આવે છે. (જુઓ ચિત્ર)

સૌર ઊર્જાની મોટી મર્યાદા એ છે કે તે રાત્રે કે આકાશ વાદળછાયું હોય ત્યારે મળતી નથી તેથી સૂર્ય તપતો હોય ત્યારે તેનું વિદ્યુતઊર્જામાં રૂપાંતર કરીને તેનો સંગ્રહ કરવાની રીત હોવી જોઈએ. તે પૈકી એક રીત સોલર ટાવરની છે. સૌરઊર્જા સંગ્રહ કરવા જે પ્રયુક્તિ તૈયાર કરવામાં આવે છે તેને 'સૉલ્ટી સોલર પાવર પ્લાન્ટ' કહે છે.

સૌર ઊર્જાનું વિદ્યુત્ઊર્જામાં રૂપાંતર કરવા માટે વિવિધ પદ્ધતિઓ છે. એક પદ્ધતિ 'ફોટોવોલ્ટેકસેલ'ની પદ્ધતિ છે. બીજી દાબિત હવામાંથી ઊર્જા મેળવવાની પદ્ધતિ છે અને ત્રીજી 'સંકેન્દ્રિત સૌરઊર્જા' પદ્ધતિ છે. તેને અંગ્રેજીમાં Concentrated Solar Power કહે છે. આખી દુનિયાને આ પદ્ધતિથી તેના પાંચમા ભાગની વિદ્યુતઊર્જા પૂરી પાડી શકાય તેમ છે. તેમાં ધાતુના લાંબા, અરીસાઓ સૂર્યપ્રકાશને પ્રવાહી ભરેલા પાઇપ પર કેન્દ્રિત કરે છે. પરિણામે પ્રવાહી ગરમ થાય છે. આ ગરમ પ્રવાહી ઉષ્માવિનિમયકોમાંથી વહે છે અને તેમાંના પાણીને ઉકાળે છે. ઊકળતા પાણીમાંથી વરાળ બને છે. આ વરાળ વિદ્યુત્ ટર્બાઇનને ચલાવે છે અને વિદ્યુત્ઊર્જા ઉત્પન્ન કરે છે. રાત્રે તો સૌરઊર્જા મળે ખરી. તેથી વિદ્યુત્ઊર્જા કેવી રીતે મેળવવી ? આનો જવાબ છે સૂર્યની ગરમીને સંગ્રહ કરવા 'સૉલ્ટી સોલર પાવર પ્લાન્ટ'ને સ્થાપવો. આવો પહેલો સોલર પાવર પ્લાન્ટ 'ગૅમા-સોલર' છે.

તેમાં ૨૬૦૦થી વધારે 'હેલિયો સ્ટાર' છે. તે સમતલ અરીસા છે. તે ૧૮૫ હેક્ટરમાં એક ટાવર ફરતે સમકેન્દ્રી વર્તુળોમાં ગોઠવેલા છે. હેલિયો સ્ટારને જમીનના જુદા જુદા લેવલે ગોઠવવામાં આવે છે તે દરેકને એવી રીતે ગોઠવવામાં આવે છે કે તે ગમે તે લેવલે હોય; પરંતુ તેના પર સંપાત થતી કિરણાવલીને ટાવરની ટોચ પર કેન્દ્રિત કરે છે. તે બધા તેના પર પડતા સૂર્યપ્રકાશને પરાવર્તિત કરે છે અને ટાવરની ટોચ પર કેન્દ્રિત કરે છે. તે ટાવરને 'પાવર ટાવર' કહે છે. તેમાં પોટૅશિયમ નાઇટ્રેટ અને સોડિયમ નાઇટ્રેટ હોય છે. તેના પર સૂર્યપ્રકાશને કેન્દ્રિત કરવામાં આવે છે તેથી તેનું તાપમાન વધે છે અને વધીને ૫૬૫ અંશ સેલ્સિયસ થાય છે.

અન્ય સોલર થર્મલ પાવર પ્લાન્ટમાં પરવલયાકાર અરીસાઓ હોય છે. તે ગરમીનું શોષણ કરતી પ્રવાહી ભરેલી કાચની નળીઓ તરફ સૂર્યની ઊર્જાને મોકલે છે. તે પ્રવાહી

અત્યંત ગરમ થાય છે. આ પ્રવાહી તેલ હોય છે. આ તેલ ૪૦૦ અંશ સેલ્સિયસ સુધી ગરમ થાય છે. તે તેલ ભરેલી નળીઓથી ગરમીનો ઉષ્માવિનિમયકોમાં પાણી સાથે વિનિમય થાય છે. આમ તે પાણીને ગરમી આપી દે છે. તેનાથી પાણી ઊકળે છે અને વરાળમાં રૂપાંતર પામે છે. તે વરાળ ટર્બાઇનને ગતિ આપે છે અને વિદ્યુત્‌ઊર્જા ઉત્પન્ન થાય છે.

‘ગેમા-સોલર’ પ્લાન્ટમાં તો ટાવરની ટોચ પર રહેલ પોટૅશિયમ અને સોડિયમ નાઇટ્રેટને ૫૬૫ અંશ સેલ્સિયસ સુધી ગરમ કરવામાં આવે છે. પીગળેલા લવણને ઉષ્માવિનિમયકમાંથી પસાર કરવામાં આવે છે. ત્યાં તેની ગરમીથી પાણીનું વરાળમાં રૂપાંતર થાય છે જે ટર્બાઇનને ગતિ આપે છે અને વિદ્યુત્‌ઊર્જા ઉત્પન્ન કરે છે. જ્યારે ટર્બાઇનને ગતિ આપવા જરૂરી કરતાં વધારે ગરમી હોય તો કેટલાક પીગળેલા લવણના ગરમ દ્રાવણનો એક ટાંકીમાં સંગ્રહ કરવામાં આવે છે. આ બૅટરી સૂર્યપ્રકાશની ગેરહાજરીમાં ૧૫ કલાક સુધી વિદ્યુત્‌ઊર્જા ઉત્પન્ન થવા દે છે. ઉનાળામાં આપણે મોટા ભાગના દિવસોમાં રોકટોક વિના સળંગ વિદ્યુત્‌ઊર્જા ઉત્પન્ન કરી શકીએ. આ પ્લાન્ટની માલિકી ‘ટોરેસૉલ ઍનર્જી’ નામની કંપનીની છે. તેના ટૅક્‌નિકલ ડિરેક્ટર સાન્ટિગો આરિઆસ આ પ્લાન્ટ દ્વારા સતત ઊર્જા મેળવવા માટે ઘણા આશાવાદી છે. ગૅમા-સોલરમાં ૧૯૦૯ મેગાવૉટ ઉત્પન્ન થનાર છે.

શિયાળામાં રોજ જે સૂર્યપ્રકાશ મળે છે તે પ્લાન્ટને આખી રાત પૂરેપૂરી ઊર્જા આપે તે રીતે ચલાવવા માટે અપૂરતો હોય છે. ટૅક્‌નિકલ ડિરેક્ટર આરિઆસના કહેવા પ્રમાણે ટોરેસૉલ કંપની કાં તો બૅટરીમાંથી ઊર્જા વપરાઈ જાય ત્યાં સુધી પ્લાન્ટને ચલાવે અથવા તો રાત્રિ દરમિયાન ઊર્જાઉત્પાદનની એવી રીતે વધઘટ કરે કે વિદ્યુત્‌ઊર્જાના વપરાશના ટોચના કલાકો દરમિયાન વધારે ઉત્પન્ન થાય. સ્પેનમાં આ ટોચનો સમય રાત્રે ૧૧થી ૧૧.૩૦નો હોય છે. ત્યાં તો વિદ્યુત્‌ઊર્જાના ભાવ પણ તેની માંગ પ્રમાણે વધઘટ થતા હોય છે. ત્યાં રાત્રે ૧૧થી ૧૧.૩૦ દરમિયાન ભાવો પણ ટોચ પર હોય છે. જો એમ થાય તો બીજા દિવસ સુધી ટર્બાઇન ચાલુ ને ચાલુ જ રહે છે. સૂર્યપ્રકાશના અભાવે ટર્બાઇન બંધ કરવું પડતું નથી.

આ રીતે ‘ગૅમા-સોલર’ એક વર્ષમાં આશરે ૬૫૦૦ કલાકો વિદ્યુત્‌ઊર્જા ઉત્પન્ન કરી શકે. ટોરેસૉલ કંપનીના મતે બીજા પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્રોતો (renewable energy sources) કરતાં ત્રણગણી થાય.

ટોરેસૉલ કંપની દક્ષિણ સ્પેનમાં ૫૦ મેગાવૉટના બે પ્લાન્ટ બાંધી રહેલ છે. તેમાં પાઇપમાં રહેલ તેલ પરવલયાકાર અરીસાઓ પરથી પરાવર્તિત સૂર્યપ્રકાશથી ગરમ

**(અનુસંધાન ચૌદમા પાને)**





# તારાશંકર બંદ્યોપાધ્યાયની નવલકથા 'કવિ'



**તારાશંકર બંદ્યોપાધ્યાય**

બંગાળી નવલકથાના રવીન્દ્રોત્તર સાહિત્યિક ઇતિહાસમાં શરત્‌ચંદ્રના અપવાદ સિવાય ત્રણ બંદ્યોપાધ્યાય મહત્ત્વનાં સીમાચિહ્નો છે : વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાય (૧૮૯૪–૧૯૫૦), તારાશંકર બંદ્યોપાધ્યાય (૧૮૯૮–૧૯૭૧) અને માણિક બંદ્યોપાધ્યાય (૧૯૦૮–૧૯૫૬). તારાશંકરનો જન્મ વીરભૂમ જિલ્લાના લાભપુર ગામમાં થયો હતો; ત્યાંના ગ્રામજીવનની માટીનો પ્રાણરસ આ સર્જકની નસેનસમાં ભળી ગયેલો છે.

‘કવિ’ (૧૯૪૨) તારાશંકરની મનોરમ સૃષ્ટિ છે. નિમ્નશ્રેણીમાં જન્મેલા નિતાઈ નામના ડોમ જાતિના યુવકમાં કવિત્વશક્તિનું સ્ફુરણ અને વિકાસ થાય છે તેની આ કથા છે. બંગાળમાં શીઘ્ર કાવ્યરચનાની શક્તિ દ્વારા શ્રોતાઓનું મનોરંજન કરતી જાતિને/સમૂહને ‘કવિયાલ’ કહેવામાં આવે છે. કવિયાલોની આવી બે ટુકડીઓ વચ્ચે કવિગાનની સ્પર્ધાઓ થતી રહેતી. નિતાઈનો કવિતા માટેનો પ્રેમ સુરુચિપૂર્ણ છે. નિતાઈ કદાવર, કાળા વાનવાળો હતો, પણ એની આંખોમાં કરુણાવિનીત ભાવ હતો. આ કૃતિ એક નિમ્ન સમાજના યુવાનની ઉન્નત થવા માટેની સંઘર્ષની કથા છે. આરંભમાં જ લેખક જણાવે છે : ‘ગુનાઇત ડોમ જાતિમાં જન્મેલો છોકરો અચાનક કવિ તરીકે પ્રકટ થાય.... આ તો રીતસરનો ચમત્કાર હતો !’ તેના ગામ અટ્ટહાસમાં ચંડીમાના મેળામાં નિતાઈ સાચેસાચ કવિયાલ બન્યો હતો !

નિતાઈનો વિદ્યાપ્રેમ ઊંડો હોવાથી તે તેની જાતિના લોકોથી જુદો પડી જતો. તેને પુસ્તકોમાંથી કથાઓ – શીઘ્રસ્ફુરિત છંદમેળ વગેરે જાણી લેવાનું ગમતું. એક વાર કુટુંબમાંથી કુટુંબની રીતિને અનુસરવા – ચોરી/ગુના કરવા જતા – દુરાગ્રહ સેવવામાં આવ્યો. નિતાઈ પોતાનાં જે પુસ્તકો હતાં તે લઈને ફળિયામાંથી જતો રહ્યો – સત્‌ માટેનો તેનો આગ્રહ આરંભથી જ જોઈ શકાય છે. સ્ટેશન પરનો સાંધાવાળો રાજન તેનો પરિચિત મિત્ર હતો; તેની બાજુની ઓરડીમાં રહેવા લાગ્યો; રાજન/રાજા નિતાઈને જાત્રામાં, કવિગાનમાં, મેળામાં લઈ જવા લાગ્યો. અને તે દરમિયાન જ ગોઠવાયેલા ચંડીમાના મેળામાં એક કવિયાલ હાજર નહીં હોવાથી ‘નિતો’માંથી નિતાઈચરણ કવિયાલ બની ગયો !

નવલકથામાં તેની કવિત્વ શક્તિના ઉદય સાથે બે નારી પ્રત્યે જાગતા તેના પ્રેમની કથા ગૂંથી લેવામાં આવી છે. પહેલા ભાગમાં આલેખાયેલો, તેના મિત્ર રાજાની સાળી

ઠાકુરઝી અને નિતાઈ વચ્ચેનો એક મધુર સંબંધ છે; આરંભમાં ઠાકુરઝી નિતાઈના કાવ્યપ્રસ્ફુટનની પ્રેરણાનો સ્રોત છે; તેમનો અપરિસ્ફુટ રહેતો પરસ્પર માટેનો હૃદયાવેગ કંઈક પ્રચ્છન્ન અને રહસ્યભર્યો રહે છે. કથાના પછીના ભાગમાં 'ઝુમુર'ની – નાચગાનની ભ્રમણ કર્યા કરતી મંડળીની – વસંતની (વસનની) ધારદાર તીક્ષ્ણતા પ્રેરક બની રહે છે. આ મંડળીના ઉત્તેજનાભર્યા સુંદર તેમજ કુત્સિતતા મિશ્રિત પરિવેશનું લેખકે ઝીણવટભર્યું આલેખન કર્યું છે. નવલકથામાં બંગાળના અત્યારના વર્ધમાન જિલ્લાની પશ્ચિમે આવેલા રાઢ પ્રદેશની ગ્રામીણ સંસ્કૃતિ નિરુપી એ પરિવેશ અને પાત્રોની કાવ્યાત્મક સૃષ્ટિ સર્જી છે. નિતાઈના ગાનથી આકર્ષિત થયેલી ઠાકુરઝીના મનને, એક ગામડાની અબુધ તરુણીના મનને એક ન સમજાય તેવી લાગણી ઘેરી લે છે. નિતાઈની ઓરડી પર રોજ દૂધ આપવા આવતી ઠાકુરઝીને નિતાઈ પણ ઝંખે છે. નવલકથામાં, 'બારીમાંથી રેલના પાટાની સમાંતર રેખાઓ જ્યાં વળાંક પર બિંદુમાં ભળી જતી, એ બિંદુ પર શ્વેત દાભફૂલના જેવી ઊપસતી રેખાના માથા પર એક સુવર્ણબિંદુ ઝળહળતું' તેને – દોડી આવતા સૌન્દર્યને – નિતાઈ જોઈ રહેતો, એ રૂપક ઠાકુરઝી સાથેના સંબંધને સૂચવતું રહે છે. નિતાઈની કવિ થવાની મહત્ત્વાકાંક્ષા અને ઠાકુરઝી માટેની અવ્યાખ્યાયિત આકાંક્ષા – એ બે પ્રવાહો કથામાં સમાંતર ચાલે છે. એના મનમાં, એક તરફ સમાજમાં 'કપિવર' કહી પોતાની થતી અવગણના – ઉપહાસનો રંજ છે, બીજી તરફ ઠાકુરઝી સાથેની હૃદયની સંવાદિતાથી આનંદનો અનુભવ છે. 'લીલા વાંસના દંડ જેવી દીર્ઘ દેહભંગી ધરાવતી' ઝડપથી ચાલી જતી ઠાકુરઝીને જોઈ નિતાઈ દ્વારા પંક્તિઓનું ગીત રચાઈ જતું. કથામાં લેખકે ઘણી પંક્તિઓ મૂકી છે. આમ બંને વચ્ચેનો રાગ એક આદર્શ પ્રેમની – Platonic ભૂમિકા પર બંધાતો જાય છે. 'એના મનની માલિક રે !' એવી ઠાકુરઝી માટે જાણે રસ્તા પર ઘર બાંધી 'સુવર્ણબિંદુ'ને જ જોયા કરે છે. અલબત્ત મનમાં ઊંડો સંઘર્ષ છે. કવિયાલ તરીકેના ગાનમાંથી કશું તેને મળતું નથી, માત્ર દિવાસ્વપ્નથી શું ? બીજી તરફ, પરિણીત ઠાકુરઝી અને વળી સમાજ – ઠાકુરઝીને 'આવ' કહેવાની ઇચ્છા છતાં નિંદાના ભયથી તે કહેવું નથી, ઠાકુરઝી માટે ઊંડી નિસબત છે તેને. અને તે તેને એક દિવસ જણાવે છે, 'તું મારા ઘેર આવે, બેસે, તે ઠીક નથી.... લોકો નિંદા કરે....' ઠાકુરઝી એકદમ જતી રહે છે.

નિતાઈ આવા 'ત્રિભેટે' ઊભો છે ત્યારે 'ઝુમુર'ની નાચગાન મંડળીનો વાર્તામાં પ્રવેશ થાય છે – એક ગૌર વર્ણની, પાતળી, કૌતુકભરી, ચંચળ અને તીક્ષ્ણધારવાળી આંખો ધરાવતી વસંતનો પણ પ્રવેશ થાય છે. 'ઝુમુર' મંડળીમાં ઘણુંખરું અશ્લીલ નાચગાન કરનારી, દેહનો વેપાર કરનારી સ્ત્રીઓ અને થોડા વગાડનારાઓ સમાજના નીચલા થરમાંથી આવી, સ્થળે સ્થળે ભમતા રહે છે. રાજાએ સ્ટેશન પર તેમનો જલસો ગોઠવ્યો



છે – નિતાઈને કવિયાલનું સ્થાન અપાવે છે. સાંજના જલસામાં વસંત ગાન સાથે નૃત્ય કરે છે – દરેક ભાવને ઉત્કટતાથી પ્રકટ કરે છે – નિતાઈને તે માયાવિની લાગે છે. વિધિવક્રતા છે કે એ જલસામાં ઠાકુરઝી પણ જોવા-સાંભળવા આવી છે. નૃત્ય પૂરું કરી વસંત નિતાઈના ઘરમાં પહોંચી જાય છે. એ જ વખતે નિતાઈ બારીમાંથી જીવંત દાભફૂલની જેમ રેલના પાટા તરફ અંધારભરી સ્તબ્ધતામાં કોઈ વેગથી જઈ રહ્યું છે – એ તો ઠાકુરઝી. દૈવની કેવી લીલા ! નિતાઈ પાષાણમૂર્તિ બની ગયો ! એની શૂન્યમનસ્કતાથી ચતુર વસંત સભાન બની સમજી ગઈ કે 'એના મનનું માલિક' તેને જોઈને ચાલી ગયું; અને આ સ્વૈરવિહારિણી તો એ રાતે કોઈ શરમ વિના અન્ય પુરુષ સાથે ચાલી ગઈ. ઠાકુરઝીને ખોઈને નિતાઈ જાણે બધું જ ખોઈ બેઠો ! પેલી મંડળી તો ભ્રમણશીલ – સવારે ઊપડી જવાની બીજે સ્થળે – પછી કરુણ ઘટના બને છે – ઠાકુરઝી માનસિક સ્વાસ્થ્ય ગુમાવે છે, અબુધ લોકો તેને 'માતાના થાનકે' લઈ જઈ બોલાવ્યું : 'ઉસ્તાદ ! કવિયાલ ! એણે મને લાલ ફૂલ આપ્યું !' સમાજમાં બંને નિંદિત બન્યાં !

થોડા દિવસ પછી નિતાઈ થોડાં પુસ્તકોની પોટલી લઈ ટ્રેનમાં બેસી ગયો – પેલી 'ઝુમુર' મંડળી તરફથી રાસપૂનમના મેળામાં 'કવિયાલ' તરીકે તેને સ્પર્ધામાં ઊતરવાનું કહેણ આવ્યું હતું. લેખક આપણને આ મેળાઓનું પોતે પ્રત્યક્ષ ચિત્ર જોયું છે તેને અહીં તાદૃશ કરાવે છે, તેની સાથે જ, બીભત્સ દૃશ્યને મૂકે છે –નિતાઈનાં સંવેદનશીલ, કોમળ મનને એવો આઘાત લાગ્યો કે અહીંથી જતા રહેવાનું વિચારી લીધું ! પણ સવારે નજીકના રાધાગોવિંદના મંદિરમાં મહંતના સહાનુભૂતિભર્યા શબ્દોથી તે શાંતિ પામ્યો – 'આ મંડળીની સ્ત્રીઓમાં રહેલા 'ગાનની, કલાઓની પારંગતતા'નો આદર કરવો જોઈએ.' લક્ષ્મીપૂજનના એ દિવસે મંડળીની સ્ત્રીઓનાં ધર્મકર્મો જોઈ તે વિસ્મિત થઈ ગયો ! વસંતનુંય એક નવું જ રૂપ – વ્રત, પૂજા, ઉપવાસ ! ચંડીદાસના પદનું ગાન ! લેખક આ નિમ્ન કહેવાતા સમાજનાં સ્તરના લોકોમાં રહેલા કેટલાક ગુણોને, તેમની કલા માટેની રુચિને ઉઘાડી આપી પોતાનો સમભાવ પ્રકટ કરતા રહે છે.

રાત્રે જે નાચગાનની સ્પર્ધા હતી તેમાં નિતાઈના ગાનમાં મદ્યરસનો નશો ને અશ્લીલ રસ ક્યાંથી હોય ? અને એટલે વસંતના નૃત્યના રૂપ કે યૌવન કામનામય લાસ્યથી તીવ્રતા કેવી રીતે પામે ? મંડળીનો એક રીતે પરાજય થયો. વસંત રોષમાં જતી રહી. તારાશંકરે અહીં નાચનારી, બહુચર્યા કરતી નારીની માનસિકતા સૂક્ષ્મ રીતે વિશ્લેષિત કરી છે : તેમનામાં રહેલી સર્જકતાના વિશેષને ઉઘાડી આપ્યો છે. વસંત નૃત્ય-ગાન કરે અને તેની પ્રશંસા ના થાય તો એના જીવનનું એકમાત્ર સત્યનું, પોતાની કલાનું ગૌરવ, અહંકાર – નું શું ? રૂપ અને યૌવનનો તો ઉપભોગ માત્ર હોય, પણ એમની કલા, સર્જકતા – નૃત્ય/

ગાનને જોનારા સાંભળનારા તેમના રૂપમાં બીજા જ અદ્ભુત રૂપની અભિવ્યક્તિને જોતા હોય છે. નિતાઈએ હવે દારૂ ઢીંચ્યો – જેને તેણે હજી હાથ પણ અડાડ્યો નહોતો – અને તે એક જુદો જ માણસ બન્યો, અશ્લીલતા-બર્બરતાને પ્રકટ કરી – વસંત નાચતી દેખાઈ અને લોકોની વાહ! વાહ! મળી – બંનેની કામનાભરી દૃષ્ટિ મળી. નિતાઈ નજીક આવતાં વસંતે જણાવ્યું, 'મને ક્ષય થયો છે !' 'તેથી શું?' નિતાઈનો જવાબ છે. તારાશંકર રૂપજીવિનીઓની ઊંડી વેદનાને આલેખે છે – વસંત કહે છે, 'જ્યાં સુધી હું નાચગાન કરીશ ત્યાં સુધી જ અહીં મારું સ્થાન.'

કથાના અંત તરફ જતાં આપણે જોઈએ છીએ કે નિતાઈ વસંત, જે મૃત્યુની નજીક જઈ રહી છે, તેને સાન્ત્વના બક્ષે છે. કવિયાલ તરીકે તે ખ્યાતિ પામી ચૂક્યો છે, તેમ છતાં ક્યારેક તે ઉદાસીન બની જતો – પેલું સ્ટેશન, રાજા, ઠાકુરઝી યાદ આવી જતા. બધા આઘાત સહન કરી એક હાથે આંસુ લૂછતો, બીજો ગાતાં ગાતાં પ્રેક્ષકો તરફ લંબાવી નિઃસ્પૃહ નિરાસક્તિનું આવરણ ઓઢી લેતો – એના ગાનની પંક્તિ બહુ સૂચક છે : 'મારા મનની મનમાં રહી ગઈ / પ્રેમની આશા અધૂરી રહી ગઈ.....' વસંતના અસાધ્ય વ્યાધિનું દર્દ અને નિતાઈની સમભાવપૂર્વકની સેવાનું લેખક આલેખન કરે છે. તારાશંકર વસંતના હૃદય-પરિવર્તનની કે કોઈ આદર્શની વાત નથી કરતા, પણ છતાં વસંત મૃત્યુનો સ્વીકાર કરે છે, ભાવનાની એક ઊંચી ભૂમિકાને પામે છે જરૂર. અંતે, વસંત નિતાઈના ખોળામાં મૃત્યુ પામી ઢળી પડે છે – 'આશા, તૃપ્તિ અધૂરાં રહે છે ! છેલ્લે નિતાઈ ગામ તરફની ટ્રેન પકડે છે – પ્રસિદ્ધિ પામેલા તેના જોવાની ઇચ્છા ધરાવતી ઠાકુરઝી પાસે પાછો આવે છે, પણ તે તો ઝૂરી ઝૂરીને મૃત્યુ પામી છે. રાજાને લઈ નિતાઈ ચંડીમાનાં મંદિરમાં પ્રણામ કરવા, અને જીવનની ક્ષણભંગુરતા વિશે પૂછવા નીકળે છે.

નિતાઈના ચરિત્રમાં તેની નિમ્ન જાતિ અને વિનય-ક્ષોભથી કુંઠિત આચરણ દ્વારા ચરિત્રનું ગૌરવ અને કવિ-માનસનું આભિજાત્ય તેમજ અતૃપ્તિ અદ્ભુત રીતે ઊઘડ્યાં છે. તે જ્ઞાતિના અવરોધોને અતિક્રમી પોતાનું ધ્યેય હાંસલ કરે છે – 'કવિ' બને છે.

**– અનિલા દલાલ**

*(જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણીમાં આપેલ વક્તવ્યમાંથી ટૂંકાવીને)*

### વાચકમિત્રોને

છેલ્લાં બાર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐





## ઐતિહાસિક માહિતી આપતો અમદાવાદનો નકશો

જૂનાગઢની એમ.એમ.જી. કૉલેજના મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક સુરેશ પારેખે અમદાવાદની ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક, રાજકીય વગેરે માહિતી આપતો નકશો, ચિત્રો સહિતનો બનાવ્યો છે. આ નકશો ૬ ફૂટ × ૪ ફૂટના કદનો છે અને તેમાં બધી વિગત અંગ્રેજી ભાષામાં આપવામાં આવી છે. લેખકે અમદાવાદ શહેરની સ્થાપનાથી શરૂ કરીને ઈ. સ. ૨૦૦૫ સુધીની મહત્ત્વની ઘટનાઓ તેમાં સમાવી લીધી છે. તેમાં ગુજરાતમાં મુઘલ શાસન – અકબર, જહાંગીર, શાહજહાં વગેરેનો રાજ્યઅમલ; મરાઠા શાસન; બ્રિટિશ શાસન; ગાંધીજી દ્વારા આશ્રમની સ્થાપના; ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના; સ્વાતંત્ર્ય-ચળવળ; મહત્ત્વનાં ધાર્મિક સ્થળો તથા સામાજિક, શૈક્ષણિક, વૈજ્ઞાનિક સંસ્થાઓની માહિતી તારીખો સાથે આપવામાં આવી છે. તેમાં કવિ દલપતરામ, અખો, ચીનુભાઈ બેરોનટ, ગાંધીજી, સરદાર પટેલ, રવિશંકર મહારાજ, ઇન્દુલાલ યાજ્ઞિક, કસ્તૂરભાઈ લાલભાઈ, વિક્રમ સારાભાઈ વગેરેના ફોટા આપવામાં આવ્યા છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારો કાળુપુર, શાહપુર, બાપુનગર, સરસપુર, મણિનગર વગેરે નકશામાં બતાવ્યાં છે. તેમાં શહેરની મહત્ત્વની ઇમારતો પણ દર્શાવી છે. તેમાં મહત્ત્વના ગ્રંથો, તેના લેખકો વગેરેની માહિતી આપવામાં આવી છે. આ ચાર્ટ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો, સંશોધકો, પત્રકારો વગેરેને ઉપયોગી થઈ શકે. તેમાંથી અમદાવાદ શહેરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની માહિતી મળે છે. (સંપર્ક : પ્રો. સુરેશ પારેખ, એસોસિયેટ પ્રોફેસર, મનોવિજ્ઞાન, એમ.એમ.જી. કૉલેજ, જૂનાગઢ. Email – parekhsc@gmail.com)

**– જયકુમાર શુક્લ**

---

**(નવમા પાનાનું ચાલુ)**

કરવામાં આવનાર છે. તેમાં પણ પીગળેલા લવણની બૅટરી હશે. તે સૂર્યાસ્ત પછી સાડા સાત કલાક વિદ્યુત્‌ઊર્જા ઉત્પન્ન કરી શકશે. તે જાન્યુઆરી ૨૦૧૨માં કાર્યરત થનાર છે.

આમ ગ્લોબલ વૉર્મિંગથી બચવા અને ન્યૂક્લિયર ઊર્જાની દહેશતના કારણે દુનિયાના દેશો સૌર વિદ્યુત્‌ઊર્જા તરફ વળ્યા છે. ભારત સરકાર ૨૦૨૨ સુધીમાં ૨૦૦૦૦ મેગાવૉટ સૌર વિદ્યુત્‌ઊર્જા મેળવવાની નેમ ધરાવે છે. ગુજરાતને પણ પોતાનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ છે; પરંતુ મોટા ભાગના પ્લાન્ટ ફોટોવોલ્ટેકસેલની પદ્ધતિનો ઉપયોગ કરે છે. ગુજરાતે ઉપરોક્ત ગૅમા-સોલર પ્લાન્ટની ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવો જોઈએ. કચ્છમાં પુષ્કળ પ્રમાણમાં સૂર્યની વિકિરણ ઊર્જા મળે છે અને ત્યાં પોટૅશિયમ નાઇટ્રેટ અને સોડિયમ નાઇટ્રેટ પણ મળે છે. તેથી આ છેલ્લામાં છેલ્લી ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવાની તક છે.

**– વિહારી છાયા**

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે જાન્યુઆરી મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૮ જાન્યુઆરી ૨૦૧૨, બુધવાર** : વિષય : અધ્યાત્મ અને યુવાનો
વક્તા : શ્રી અક્ષરવત્સલ સ્વામી

**૨૫ જાન્યુઆરી ૨૦૧૨, બુધવાર** : વિષય : ભ્રષ્ટાચારમુક્ત ભારત
વક્તા : શ્રી નીતિનભાઈ શુક્લ

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

**◈ ૨૧ જાન્યુઆરી, ૨૦૧૨, શનિવાર, સાંજે ૫-૩૦ :**

વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર દ્વારા યોજાતી કાવ્ય-સંગીતશ્રેણી અન્વયે શ્રી હરીન્દ્ર દવેના કાવ્યોની સંગીતમય પ્રસ્તુતિ કરશે શ્રી અમર ભટ્ટ.

## સ્વાસ્થ્ય-યોગશ્રેણી

**◈ ૨૮ જાન્યુઆરી, ૨૦૧૨, શનિવાર, સાંજે ૫-૩૦ :**

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન કિડનીના ક્ષેત્રે કાર્ય કરતી એક સ્વૈચ્છિક સંસ્થા છે. જે છેલ્લા દસ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. આ સંસ્થા દ્વારા એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં કિડની અને કિડનીના રોગો વિશેની પ્રાથમિક માહિતી આપવામાં આવશે આ પ્રસંગે ગુજરાત રાજ્યના જાણીતા ડૉ. હિમાંશુ પટેલ (નેફ્રોલોજીસ્ટ) ઉપસ્થિત રહેશે.

### આપણો વારસો

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

નીતિનિપુણ વિદ્વાનો નિંદા કરે કે વખાણ, લક્ષ્મી આવે કે જાય,
મરણ આજે આવે કે યુગ પછી; પણ ધીર-ગંભીર મહાપુરુષો
ન્યાયના માર્ગથી એક ડગલું પણ વિચલિત થતા નથી.



## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | કિં. રૂ. |
|---|---|---|
| ● | બાળવિશ્વકોશ ખંડ-૧ | ૬૦૦ |
| ● | બાળવિશ્વકોશ ખંડ-૨ | ૭૦૦ |
| ૧. | ગાંધીચરિત (ત્રીજી આવૃત્તિ) | ૧૨૦ |
| ૨. | કૅન્સર (ચોથી આવૃત્તિ) | ૧૫૦ |
| ૩. | નાટક દેશવિદેશમાં | ૧૩૦ |
| ૪. | ભારત : પ્રતિભા અને પરિદર્શન | ૫૦૦ |
| ૫. | સિદ્ધાન્તસારનું અવલોકન | ૭૦ |
| ૬. | નાટ્યતાલીમના નેપથ્યે | ૧૨૦ |
| ૭. | ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો (માહિતીકોશ) (બીજી આ.) | ૪૫૦ |
| ૮. | ભૂકંપ : માહિતી અને ઘટના | ૬૦ |
| ૯. | વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ (બીજી આવૃત્તિ) | ૧૦૦ |
| ૧૦. | મેઘાણીચરિત (બીજી આવૃત્તિ) | ૮૦ |
| ૧૧. | પ્રવાસી પિરામિડનો | ૨૦ |
| ૧૨. | ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક | ૪૫૦ |
| ૧૩. | લોકશાહી | ૬૦ |
| ૧૪. | જતીન્દ્ર-વિશેષ | ૨૦૦ |
| ૧૫. | ડાયનોસૉર | ૧૦૦ |
| ૧૬. | રેલવેની વિકાસગાથા | ૧૦૦ |
| ૧૭. | જનીનવિજ્ઞાન (genetics) | ૬૦ |
| ૧૮. | લોકવિદ્યા-પરિચય | ૧૦૦ |
| ૧૯. | આપણાં રાષ્ટ્રીય પ્રતીકો (બીજી આવૃત્તિ) | ૯૦ |
| ૨૦. | લિપિ | ૭૦ |
| ૨૧. | ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર | ૮૦ |
| ૨૨. | તરસ્યા મલકનો મેઘ | ૧૫૦ |
| ૨૩. | શબ્દનું સખ્ય | ૨૦૦ |
| ૨૪. | શહીદ વિનોદ કિનારીવાલા | ૮૦ |
| ૨૫. | જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં | ૮૦ |
| ૨૬. | તળની બોલી | ૧૩૦ |
| ૨૭. | ગુજરાત (ત્રીજી આવૃત્તિ) | ૪૦૦ |
| ૨૮. | Gujarat | ૬૫૦ |
| ૨૯. | હસ્તપ્રતવિજ્ઞાન | ૨૦૦ |
| ૩૦. | અભિનેય નાટકો (ભાગ ૧) | ૧૫૦ |
| ૩૧. | વિશ્વકોશવિમર્શ | ૧૨૦ |
| ૩૨. | ગુજરાતી ગ્રંથસૂચિ (વર્ષ ૨૦૦૬) | ૧૫૦ |
| ૩૩. | ગુજરાતી ગ્રંથસૂચિ (વર્ષ ૨૦૦૭) | ૧૫૦ |
| ૩૪. | વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય | ૨૦૦ |
| ૩૫. | પૃથ્વીનો ભૂસ્તરીય ઇતિહાસ | ૧૬૦ |
| ૩૬. | હિન્દી મહાસાગર | ૨૦૦ |
| ૩૭. | ઊર્જા | ૧૦૦ |
| ૩૮. | વસન્ત-સૂચિ | ૨૫૦ |
| ૩૯. | સત્યની મુખોમુખ | ૩૦૦ |
| ૪૦. | સંખ્યાઓની સૃષ્ટિ | ૮૦ |
| ૪૧. | જ્ઞાનાંજન-૧ | ૨૦૦ |
| ૪૨. | જ્ઞાનાંજન-૨ | ૨૫૦ |
| ૪૩. | રતિ-વિરતિ | ૮૦ |
| ૪૪. | કેટલાક સાહિત્યિક વિવાદો | ૨૨૦ |
| ૪૫. | રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ | ૧૨૦ |
| ૪૬. | સર સી. વી. રામન | ૧૬૦ |
| ૪૭. | સંસ્કૃતિ-સૂચિ | ૩૦૦ |
| ૪૮. | સુમતિ-સર્જન ગ્રંથાવલિ ભાગ ૧ : લઘુનવલ | ૩૦૦ |
| ૪૯. | ભાગ ૨ : નાટક | ૧૩૦ |
| ૫૦. | ભાગ ૩ : કવિતા | ૨૨૦ |
| ૫૧. | ભાગ ૪ : પ્રકીર્ણ | ૧૬૦ |
| ૫૨. | સ્વાધ્યાય-વિશેષ | ૨૮૦ |